
# ડીસાના કંસારી ગામે પ્રેમનો કરુણ અંજામ : યુવક-યુવતીની આત્મહત્યા

ડીસા, તા. ૨૫

સમાજમાં બનતી આત્મહત્યાની પ્રત્યેક ઘટના આજે સમાજ માટે અનેક નવાં પડકારો, પ્રશ્નો અને ચિંતા સર્જી રહી છે ત્યારે ડીસા ના કંસારી ગામે બે પરણિત યુવક યુવતીએ લીમડાના ઝાડ સાથે લટકી જીવનનો અંત આણતા સમગ્ર ડીસા પંથકમાં અરેરાટી ફેલાઈ છે. આ મામલે ડીસા તાલુકા પોલીસ ને જાણ થતા પોલીસે ઘટના સ્થળે પહોચી બન્ને પ્રેમીપંખીડા ની લાશો ને નીચે ઉતારી પી.એમ.અર્થે ડીસા ની સરકારી હોસ્પિટલ ખસેડી છે.

આ ઘટનાની વિગતો જોઈએ તો ડીસાના નાનકડા કંસારી ગામમાં બે પ્રેમીઓએ પ્રેમમાં નિષ્ફળતા મળતા અને બન્નેના લગ્ન બાદ પણ પ્રેમની યાદોએ પીછો ન છોડતા અને જુદાઈની પીડા આશય બનતા ગળે ફાંસો ખાઈ મોતને વ્હાલું કર્યું છે, સમાજનાં રુધીરીવાજો સામે બંડ પોકારી મોતને વ્હાલું કરનાર આ પ્રેમીયુગલની ચકચારી


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

પ્રેમકથાની વિગત જોઈએ તો... ડીસા તાલુકાના કન્સારી ગામે આજે સવારે પ્રાથમિક સ્કુલ કમ્પાઉન્ડમાં બે પ્રેમીયુગલ આત્મહત્યા કરેલ હાલતમાં મળી આવ્યા હતા. લીમડાના ઝાડ પર ગળે ફાસો ખાઈ મોતને વ્હાલું કરનાર બન્ને કંસારી ગામના રહીશ છે. જેમાં પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક યુવક મનુભાઈ ભીખાભાઈ પટેલ રહે કંસારી તાલુકો ડીસા તેમજ યુવતી નીતાબેન ભુરાલાલ સુથાર હોવાનું બહાર આવેલ છે. મૃત યુવક મનુભાઈ પટેલ પરણિત છે. જેને એક બાળકી પણ છે. જયારે મૃત યુવતી નીતાબેન સુથારના લગ્ન ડીસા તાલુકાના રામપુરા ગામે અઠવાડીયા પહેલા થયેલ છે. વહેલી સવારે આ બન્ને પ્રેમીપંખીડાઓ મૃત હાલતમાં મળી આવતા ગ્રામજનોએ પોલીસને જાણ કરી હતી. આ બન્ને પ્રેમી એક જ સાડીનાં બે છેડે લટકેલા હતા અને યુવતીના હાથની મહેદી પણ સુકાઈ નથી ત્યારે તેને પોતાના પ્રેમી સાથે જુદાઈ સહન ન થતા જીવનને ટુંકાવ્યું હતું. આ બન્ને પ્રેમીયુગલે એક બીજાની કમરે દુપટ્ટાથી પ્રેમની ગાંઠ મારી એકસાથે એક સમયે એક જ જગ્યાએ આંખથી આંખ મિલાવી આ ફાની દુનિયાને અલવિદા કહી આત્મહત્યા કરતા સમગ્ર ગામ સ્તબ્ધ બન્યું હતું. આ ઘટનાની જાણ થતા ડીસા તાલુકા પોલીસ દોડી આવી હતી. જોકે આ કરુણાતીકાથી સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી છવાઈ છે. આ મામલે ડીસા ડીવાય એસપી એચ એન દેસાઈ અને તાલુકા પીએસઆઈએ ઘટના સ્થળે પહોચી લાશનો કબજો સંભાળ્યો હતો અને બન્નેનું પીએમ કરાવ્યું હતું.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## યાત્રાધામ શામળાજી વિવાદોના વમળમાં ફસાયું

અરવલ્લી જીલ્લાનું સુપ્રસિદ્ધ યાત્રા ધામ શામળાજી છેલ્લા કેટલાક સમયથી વિવાદોના વમળમાં ફસાયું છે ત્યારે વિષ્ણુ મદિર ના ટ્રસ્ટ તાત્કાલિક બરખાસ્ત કરી તેનો વહીવટ સરકાર હસ્તક લેવા લેખિત રજૂઆત જીલ્લા કલેકટરને સાધુ સમાજ ધ્વારા કરતા મામલો ચર્ચાસ્પદ બન્યો છે. અરવલ્લી જીલ્લાના યાત્રાધામ શામળાજી વિષ્ણુ મદિર આદિવાસી સમાજનું મદિર છે ત્યારે આ મદિરનું આદિવાસીઓની અજ્ઞાનતા કારણને હાલમાં મદિર પર ટ્રસ્ટ કબજો જમાવી દીધો છે તેવો આક્ષેપ સાધુ સમાજ ધ્વારા કરાઈ છે ટ્રસ્ટ ધ્વારા વિવિધ પ્રકારે ખોટી રીતે નાળાનો દુર ઉપયોગ કરવામાં આવતો હોવાનો આક્ષેપ રામાંન્નધ્નીય વૈષ્ણવ મડળ સાબરકાંઠા ના સંતો મહંતો આ મોટી સંખ્યા રૂબરૂ જઈ જીલ્લા કલેકટર ને આવેદનપત્ર આપી આ મદિરનો વહીવટ સરકાર હસ્તક લઈ લેવા માંગ કરી હતી. વહીવટી તંત્ર ધ્વારા આ મામલે જડપી નિકાલ કરી લેવામાં નહી આવે તો આગામી સમયમાં સનામત ધર્મની રક્ષા માટે તમામ પ્રકારે આંદોલન કરવાની ચીમકી સાધુ સમાજે ઉચારતા મામલો ચર્ચાસ્પદ બન્યો છે .

# ઊંઝામાં ઉનાવા ગામે પાંચ જુગારી ઝડપાયા

ઊંઝા, તા. ૨૫

ઊંઝા નજીકના ઉનાવા ગામની સીમમાં આવેલ એક ખેતરમાં જાહેરમાં તીન પત્તિનો જુગાર રમતા કુલ દસ પૈકી પાંચ શખ્સોને પોલીસે ઝડપી લઈ તેઓની પાસેથી ૩૭,૫૦૦ ની રોકડ રકમ તેમજ મોટરસાયકલ અને પાંચ મોબાઈલ ફોન મળી કુલ ૫૫,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

વિગત એવી છે કે, ઊંઝા નજીકના ઉનાવા ગામની સીમમાં આવેલ એક ખેતરમાં કેટલાક શખ્સો પોતાના અંગત ફાયદા સારૂ જાહેરમાં પત્તાપાના વડે તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા હોવાની મળેલ બાતમીના આધારે ઊંઝા પોલીસે રાત્રિના બે વાગ્યાના સુમારે અચાનક દરોડો પાડ્યો હતો. જેમાં તીનપત્તીનો જુગાર રમતા રમાડતા કુલ દશ શખ્સો પૈકી પાંચ ઈસમોને પોલીસે ઝડપી લીધા હતા. જ્યારે અન્ય પાંચ શખ્સો નાસી ગયા હતા. જ્યારે અન્ય પાંચ શખ્સો નાસી ગયા હતા.

દરમિયાન પોલીસે સ્થળ પરથી રૂપિયા ૩૭,૫૦૦ની રોકડ રકમ, પાંચ મોબાઈલ ફોન તેમજ એક મોટર સાયકલ મળી કુલ ૫૫,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ અંગે ઊંઝા પોલીસે જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. તહોમતદારોમાં મંગાજી હાપુજી વણઝારા, જીજ્ઞેશ બાબુલાલ પટેલ, કનૈયાલાલ રાયચંદભાઈ પટેલ, બારોટ નિરંજનભાઈ ડાહ્યાલાલ, જયંતિભાઈ દલપતભાઈ ચાવડા, રાજુભાઈ ત્રિભોવનભાઈ પટેલ, મહેશભાઈ કાન્તિલાલ પટેલ, રમેશભાઈ બબલદાસ પટેલ, વિષ્ણુભાઈ થોભણદાસ પટેલ, કેતનભાઈ ઉર્ફે ચેતનભાઈ ચંપકલાલ શાહ તમામ રહે. ઉનાવાનો સમાવેશ થાય છે.

## ભદ્રેસરમાંથી ટ્રેક્ટરની બેટરી ચોરાઈ

હિંમતનગર,તા.૨૫

ઈડર તાલુકાના ભદ્રેસર ગામની સીમમાંથી અજાણ્યા શખ્સોએ શનિવારે રાત્રે મહેન્દ્રકુમાર ફલજીભાઈ દેસાઈના ટ્રેકટર નં. જીજે.૯.એડી.૫૫૦૧માંથી રૂા.૪ હજારની કિંમતની બેટરી ચોરી ગયા હતા. મહેન્દ્રકુમારે સોમવારે ઈડર પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

## અભાપુરની પરિણીતાની દિયરે છેડતી કરતા ફરિયાદ

હિંમતનગર,તા.૨૫

વિજયનગર તાલુકાના અભાપુર ગામની પરિણીતાની તેના દિયરે જ રવિવારે રાત્રે અપશબ્દો બોલી આબરૂ લેવાની કોશિષ કરી હતી. જે અંગે પરિણીતાએ તેના દિયર વિરૂધ્ધ વિજયનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

અભાપુર ગામની મંજુલાબેન સતિષભાઈ નિનામા (ઉ.વ.૩૦) રવિવારે રાત્રે ઘરે એકલી હતી. જે સમયે તેનો દિયર બાબુભાઈ મરતાજી નિનામા તેના ઘરે આવ્યો હતો અને તેણીને અપશબ્દો બોલી તેણીની સાથે દુષ્કર્મ કરવાની કોશિષ કરી હતી. જેથી મંજુલાબેને બૂમાબૂમ કરતા બાબુભાઈ ત્યાંથી ભાગી ગયો હતો. આ મામલે મંજુલાબેને પોતાના દિયર બાબુભાઈ વિરૂધ્ધ વિજયનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ઈપીકો ૩૫૪, ૫૦૪ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોડાસા નાગરીક બેંકની ૧૫ બેઠકો માટે ૨૮ જૂને ચૂંટણી યોજાશે


(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લાના મોડાસા નાગરીક સહકારી બેંકની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. આગામી ૨૮મી જૂને ચૂંટણી યોજાશે. બે મહિલા અનામત અને એક એસ.સી. અથવા એસ.ટી. માટે અનામત બેઠક રહેશે. જ્યારે નવા સહકારી કાયદા અનુસાર ચૂંટણીની મુદત પાંચ વર્ષની રહેશે.

મોડાસા શહેરમાં મોડાસા નાગરીક સહકારી બેંકની પ્રતિષ્ઠા સમગ્ર જિલ્લા અને ગુજરાતભરમાં જાણીતી છે. મોડાસા નાગરીક સહકારી બેંકની ચૂંટણીને પૂર્ણ થયાને હજુ વર્ષ થવા આવ્યુ છે. ત્યારે નવા સરકારી કાયદા અનુસાર ફરીથી મોડાસા નાગરીક બેંકમાં ચૂંટણી યોજવાની હોવાથી મોડાસા શહેરના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. બેંકના પેટા કાયદા તથા ગુજરાત રાજ્ય સરકારી કાયદા (સુધારા વિધાયક) વર્ષ ૨૦૧૩ તથા વર્ષ ૨૦૧૫ અન્વયે બોર્ડ ઓફ ડિરેક્ટરની મોડાસા નાગરીક બેંકમાં ડીરેક્ટર્સની ૧૫ બેઠકો પૈકી ૧૨ બેઠકો સામાન્ય સભ્ય માટે બે બેઠકો મહિલાઓ માટે અનામત તથા એક બેઠક અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિ માટે અનામત રહેશે.

મોડાસા નાગરીક બેંકના ૧૫ ડિરેક્ટર્સની આ ચૂંટણી આગામી તા. ૨૮-૬-૨૦૧૫ને રવિવારે યોજાશે. પ્રથમવાર ઈ.વી.એમ. મશીનનો ઉપયોગ મતદાન માટે થશે. ચૂંટાયેલા ૧૫ ડિરેક્ટર્સ બેંકના ચેરમેન ચૂંટશે. બેંકની બોર્ડ ઓફ ડિરેકટર્સની આગામી બેઠકમાં ચૂંટણીનો વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવશે તેવુ જાણવા મળી રહ્યું છે.

## વક્તાપુરની મહિલા દાઝી જતા મોત

હિંમતનગર,તા.૨૫

તલોદ તાલુકાના વકતાપુર ગામની એક યુવતી સોમવારે સાસરીયાના ત્રાસથી કંટાળી પોતાના ઘરે જ શરીર પર કેરોસીન છાંટી સળગી ગયા હતા. જેથી તેણીનું સારવાર દરમિયાન હિંમતનગર સિવિલમાં મોત નિપજયુ હતું. જે અંગેની ફરિયાદ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી છે.

વકતાપુર ગામના નીરૂબેન પંચાલના લગ્ન હિંમતનગર તાલુકાના હાથરોલ ગામના કેતનભાઈ જયંતિભાઈ પંચાલ સાથે કરાયા હતા. લગ્ન જીવન દરમિયાન અવારનવાર સાસરીયા દ્વારા નીરૂબેનને ત્રાસ આપવામાં આવતો હતો. જેથી કંટાળીને નીરૂબેને સોમવારે પોતાના ઘરે જ શરીર પર કેરોસીન છાંટી સળગી જવાની કોશિષ કરી હતી. જેથી દાઝી જતા નીરૂબેનને હિંમતનગર સિવિલમાં સારવાર માટે ખસેડાયા હતા. જયાં સોમવારે સાંજના સુમારે મોત નિપજયુ હતું એમ સિવિલના સૂત્રોમાંથી જણાવાયુ હતું.

# મોડાસામાં ૩ લાખ રૂપિયાની ચીલઝડપ પરંતુ રૂપિયા પાછા મળી જતાં વેપારી દ્વારા ઢાંકપીછોડો

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ચોરી, લૂંટફાટ અને ચેઈનસ્નેચરના ગુનાઓમાં દિવસે દિવસે ઉત્તરોત્તર વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે આજે બપોરે એક વેપારીના ૩ લાખ રૂપિયાની ચિલઝડપનો કિસ્સો બનતાં મોડાસા આલમના વેપારીઓ અને પ્રજાજનો ભયભીત બન્યા હતા. ત્યારે મોડાસા શહેરના પ્રજાજનો મોડાસા પોલીસની નિષ્ક્રિયતા સામે આંગળી ચીંધી રહી છે.

મોડાસા શહેરના મુખ્ય માર્ગ પર આવેલા અને પ્રજાજનોની સતત ધમધમતા વિસ્તાર એવા નવજીવન ચોકમાં આજે બપોરે ૩ લાખ રૂપિયાની ચિલઝડપનો કિસ્સો બનતા વેપારી હાંફળો ફાંફળો બની ગયો હતો. નવજીવન ચોકમાં સાડીઓની દુકાનના માલિક આજે બપોરે ૩ લાખ રૂપિયા જેવી માતબર રકમ લઈને બેંકમાં રૂપિયા ભરવા નિકળ્યા હતા ત્યારે નવજીવન ચોકમાં જ એક ગઠીયાએ વેપારીની આજુબાજુ દસ-દસ રૂપિયાની નોટો નાખી વેપારીને તમારા રૂપિયા પડી ગયાનુ જણાવતાં વેપારી દસ દસ રૂપિયાની લાલચમાં રૂપિયા વિણવા નીચે નમતા ગઠીયાએ વેપારીના હાથમાં રહેલા પર્સની ચીલઝડપ કરી નાસવા મોડ્યો હતો. ત્યારે વેપારીએ બૂમાબૂમ કરતા મુખ્યમાર્ગ પર આવેલા સાડી અને કપડાના જાણીતા પેલેસના માણસનુંધ્યાન પડતા ગઠીયાને પકડવા દોટ મુકતા ગઠીયાને ઝડપી પાડ્યો હતો. ત્યારે ગઠીયાએ પકડાઈ જવાની બીકે ૩ લાખ રૂપિયા નીચે ફેંકી શર્ટ કાઢી ભાગી છુટવામાં સફળ રહ્યો હતો. સાડીના શો રૂમના વેપારીને રૂપિયા પણ મળી જતા ૩ લાખ જેટલી માતબર રકમ હોવાથી ઈન્કમટેક્ષની બીકના લીધે ચીલઝડપ પર ઢાંકપીછોડો કરી પોલીસ ફરિયાદ કરવાનુ ટાળ્યુ હતુ.

નવજીવન ચોકમાં સતત પ્રજાજનોની અવર જવર અને પોલીસના જવાનો નવજીવન ચોકની આજુબાજુમાં જ ઉભા રહેતા હોવા છતા આવી કોઈ જ ઘટના બની નથી તેવુ જણાવ્યુ હતુ. ત્યારબાદ સ્વીકાર્યુ હતુ કે કંઈક ચીલઝડપની ઘટના બની છે. પરંતુ અમોને જાણકારી નથી તો ? આવા પોલીસ જવાનો પોતાની ફરજ દરમ્યાન ચીલઝડપની ઘટના બની હોવા છતાં મૂકપ્રેક્ષક બનીને ઉભા રહી ગયા હતા અને ગઠિયાને પકડવા માટે કોઈ જ કાર્યવાહિ ન કરતાં શહેરના પ્રજાજનો પોલીસની કામગીરી અંગે પ્રશ્નાર્થ કરી રહ્યા છે.


તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

અરવલ્લી જીલ્લાના ભિલોડા મીની પોલીસ ચોકી પાસે ભારત વિકાસ પરીષદ શાખા, ભિલોડાના કાર્યકરો અને પક્ષી પ્રેમીઓ ધ્વારા પક્ષીઓ માટે પીવાના પાણીના કુંડાનો નિઃશુલ્ક વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એચ. પી. ઝાલાના અધ્યક્ષસ્થાને પક્ષીઓ માટે પીવાના પાણીના કુંડા વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડામાં પક્ષી પ્રેમીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી. ભારત વિકાસ પરીષદ શાખા, ભિલોડા, પ્રમુખ મુકેશભાઈ પંચાલ, જગદીશભાઈ પટેલ, જીતુભાઈ ભાટીયા, કલ્યાણસિંહ પરમાર, મુકેશભાઈ મહેતા, સંકેતભાઈ ચૌધરી, જીગરભાઈ પટેલ, યજ્ઞેશભાઈ પંચાલ, યશભાઈ મિસ્ત્રી સહિત પક્ષી પ્રેમીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## આતરસુંબાની મહિલાની આબરુ લેવાનો પ્રયાસ

હિંમતનગર,તા.૨૫

વિજયનગર તાલુકાના આતરસુંબા ગામની એક મહિલાની ગામના જ બે શખ્સોએ ગત શનિવારે આબરૂ લેવાનો પ્રયાસ કરતા આ મહિલાએ સોમવારે હિંમતનગર મહિલા પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. આતરસુંબાના લક્ષ્મીબેન લક્ષ્મણભાઈ ડાભી ગત શનિવારે તેમના ઘરે એકલા હતા ત્યારે ગામમાં રહેતા ડોડિયાર રમેશભાઈ અમૃતભાઈ તથા ડોડિયાર દલસુખભાઈ જયંતિભાઈએ એકલતાનો લાભ લઈ આબરૂ લેવાનો પ્રયાસ કર્યો હતો.


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## ખેડબ્રહ્મા એસ.ટી. ડેપો ઢોરના તબેલામાં ફેરવાયો

ખેડબ્રહ્મા એસ.ટી. ડેપોમાં ગાયો તથા અન્ય પશુઓને રોકવામાં આવતા ન હોવાથી એસ.ટી. ડેપો આજે ઢોરાના તબેલામાં ફેરવાઈ ગયો છે. ડેપોમાં આવતા મુસાફરો માટે આ ઢોર જોખમકારક સાબિત થાય તે પહેલાં ઘટતા પગલાં ભરવા મુસાફરોમાં માંગ ઉઠવા પામી છે. ખેડબ્રહ્મા એસ.ટી. ડેપોમાં સમગ્ર ગુજરાતની તમામ એસ.ટી. બસો દ્વારા હજારોની સંખ્યામાં મુસાફરો આવે છે અને તમામ બસો પંદરથી વીસ મિનિટ હોલ્ટ કરતી હોય છે. આ ઉપરાંત ખેડબ્રહ્મા તાલુકના ગામડામાં જવા લોકો એસ.ટી.નો ઉપયોગ કરતા હોય છે ત્યારે એસ.ટી. ડેપોમાં ગાયો સહીતના પશુના ટોળે ટોળા ભેગા થઈ બેસી રહે છે. આ ગાયોની અડફેટમાં મુસાફરો આવી જતા હોય છે. તેમાં સ્ત્રીઓ તથા બાળકો માટે આ ઢોર જોખમરૂપ સાબિત થાય તેમ છે. ઢોરને એસ.ટી. ડેપોમાં આવતા રોકવામાં આવતા નથી તેથી ડેપોમાં જ અડીંગા લગાવી બેસી રહે છે જે મુસાફરો માટે ત્રાસદાયક છે. આ ઢોરને એસ.ટી. ડેપોમાં આવતા રોકવા મુસાફરોમાં માંગ ઉઠવા પામી છે.

## પ્રાંતિજમાં લોકાર્પણ અને ખાતમુહૂર્તના કાર્યક્રમ યોજાયા

હિંમતનગર,તા.૨૫

પ્રાંતિજના ભાંખરીયા વિસ્તારમાં આવેલ નગરપાલિકા સંચાલિત શેઠ પી એન્ડ આર હાઈસ્કૂલમાં નવીન બનાવાયેલ દસ ઓરડાઓ તથા બાળકો માટે નવીન પરબ બનાવવા માટેનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતું.

આ અંગેની વિગત એવી છે કે શેઠ પી એન્ડ આર હાઈસ્કૂલમાં દસ નવીન ઓરડાઓ બનાવવા માટે વિવેકાનધિન ગ્રાન્ટમાંથી રૂા.૨૫ લાખ અને સ્વભંડોળમાંથી રૂા.૨૦ લાખ મળી રૂા.૪૫ લાખનો ખર્ચ કરાયો છે. જેનું લોકાર્પણ સોમવારે કરાયુ હતું.

જે પ્રસંગે સાંસદ દિપસિંહ રાઠોડ, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, વી.ડી.ઝાલા, જયેન્દ્રસિંહ રાઠોડ, નગરપાલિકા પ્રમુખ, શહેર ભાજપ પ્રમુખ સતિષભાઈ પંડયા, વિજયભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત પાણીની પરબ માટે ફાળવવામાં આવેલ રૂા.૭લાખની ગ્રાન્ટમાંથી તૈયાર થનાર પરબનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતું.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol | EXIDE INDUSTRIES LIMITED | BRIDGESTONE | JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

# ભિલોડામાં ભાજપ મહાસંપર્ક અભિયાનનો શુભારંભ

ભિલોડા,તા.૨૫

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં ભાજપ મહાસંપર્ક અભિયાન કાર્યક્રમનો શુભારંભ શ્રીમદ્ જેસીંગબાપા એજ્યુંકેશન કેમ્પસ, માતૃશ્રી આર. જે. તન્ના પ્રેરણા મંદીર, રંગમંચ હોલમાં યોજાયો હતો.

આ પ્રસંગે સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા ભાજપ સાંસદ દિપસિંહ રાઠોડ, અરવલ્લી જીલ્લા ભાજપ પ્રમુખ ભરતસિંહ રહેવર, ઉપ પ્રમુખ ગુણવંતલાલ ત્રિવેદી, હિંમતનગર-સાબર ડેરી, ડીરેક્ટર જેસીંગભાઈ પટેલ, નીલાબેન મડીયા, હિતેન્દ્રસિંહ સિસોદીયા, રણવીરસિંહ ડાભી, અમરતલાલ બરંડા, ગજાનંદભાઈ પ્રજાપતી, કાંતીલાલ પટેલ, ભવાનભાઈ તરાર, બિપીનભાઈ પટેલ, મનોજભાઈ પટેલ, દામુભાઈ પટેલ, શાંમળદાસ પટેલ, ભીખાલાલ પટેલ, જેસીંગભાઈ પટેલ, યોગેશભાઈ બુધ્ધ, જશુભાઈ પટેલ, અમરતલાલ ભાવસાર, ભીખાભાઈ ભાટીયા, કાનજીભાઈ પરમાર, કાંતીભાઈ પરમાર, સંકેતભાઈ પટેલ સહિત ભિલોડા તાલુકાના ભાજપ હોદ્દેદારો, કાર્યકરો, અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.